# વાપીમાં રૂ.૧૯.૩૮ લાખના ડ્રાયફ્રૂટ્સ ઠગ લઈ ગાયબ

**શરૂઆતમાં** રોકડા આપી ગઠિયો મોટો ઓર્ડર ગપચાવી ગયો

વાપી: વાપી ટાઉનના ગુંજન વિસ્તારમાં સન રાઈઝ સોસાયટીમાં રહેતા દેવભાઈ ઠક્કર 'જલા ડ્રાય ફ્રૂટસ એન્ડ સ્પાઈસીસ' નામે ડ્રાયફ્રૂટનો વેપાર કરે છે.

મિત્ર વસનારામ માલી મારફતે તેમનો સંપર્ક એક વ્યક્તિ સાથે થયો હતો, જેણે પોતાનું નામ 'ભાવેશ પ્રજાપતિ' જણાવી પોતાની પેઢીનું નામ 'ગણેશ એન્ટરપ્રાઈઝ' હોવાનું કહી બે વખત કાજુ ખરીદી રોકડું પેમેન્ટ આપી દેતાં વિશ્વાસ કેળવાયો હતો. એપ્રિલ ૨૦૨૬માં આરોપીએ ધરમપુરના નવા મોલ અને રાજસ્થાન માટે મોટા જથ્થાની જરૂર હોવાનું કહી ઓર્ડર આપ્યો હતો. જે હેઠળ તેમણે ૧૯.૩૮ લાખનો માલ આપ્યો હતો. બીજા દિવસે પેમેન્ટ ન આવતા અને આરોપીનો ફોન સ્વિચ ઓફ આવતા વેપારીને શંકા ગઈ હતી. વેપારીએ બજારમાં તપાસ કરતાં હકીકત સામે આવી કે 'ભાવેશ પ્રજાપતિ'નું સાચું નામ કમલેશ ગેનારામ પ્રજાપતિ (રહે., ગુંજન, વાપી જીઆઈડીસી) છે.

આ ઠગે ભૂતકાળમાં પણ બજારના અન્ય ઘણાં વેપારીઓ સાથે છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું હતું. વાપી ટાઉન પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બીલીમોરામાં ૧૧ ઈમારતને નોટિસ

**ચોમાસા** પૂર્વે જર્જરીત મિલકતોનો સરવે, તાત્કાલિક ભયમુક્ત કરવા તાકીદ


કેરસી બારીયા

બીલીમોરા: બીલીમોરા નગરપાલિકા દ્વારા ચોમાસા પૂર્વે શહેરભરની જર્જરિત મિલકતોનો સરવે પાલિકાના બાંધકામ ખાતાના અધિકારીઓ હાથ ધર્યો હતો. જેમાં અંદાજિત ૧૧ જેટલી જર્જરિત મિલકતો મળી આવતા તમામ એવી મિલ્કતોને પાલિકાએ તાબડતોબ ભયમુક્ત કરાવવાની નોટિસો ફટકારી હતી.

ચોમાસા પૂર્વે જો કોઈ નજીકના દિવસોમાં ચોમાસું બેસશે ત્યારે લોકોને જર્જરિત મિલકતોને કારણે કોઈ મોટી આફતનો સામનો ન કરવો પડે તે માટે સરવે કરવામાં આવ્યો હતો, જેમાં શહેરમાંથી અંદાજિત ૧૧ જેટલી જર્જરિત મિલકતો હોવાને કારણે તેવી મિલકતો ભયમુક્ત કરાવવા નોટિસો અપાય રહી છે. આ આંકડો વધી શકે છે. કેમકે આ સિવાય હજી પણ ઘણી ઈમારતો શહેરમાં છે જે જર્જરીત છે, જેને પણ નોટિસ આપવાની તજવીજ પાલિકાએ હાથ ધરી છે. ચોમાસાની ઋતુમાં જો વધારે વરસાદ કે વાવાઝોડુ આવે તો તેવા સમયે લોકોના જાનમાલને આવી જર્જરીત મિલકત કોઈ નુકસાન ન પહોંચાડે તે માટે હાલ પાલિકા કામગીરી કરી રહી છે.

### આ મિલકતોને નોટિસ

વૃંદાવન એપાર્ટમેન્ટ- ચીમોડીયા નાકા, દીર્ઘાયુ એપાર્ટમેન્ટ- મહાદેવ નગર, સંકલ્પ એપાર્ટમેન્ટ-જલારામ ખમણની બાજુમાં, ગૌહરબાગ, સંકેત એપાર્ટમેન્ટ- મહાત્મા ગાંધી રોડ, ગોપાલકૃપા એપાર્ટમેન્ટ-ચોકી ફળિયા, શુભલક્ષ્મી એપાર્ટમેન્ટ-'બી' બીલી નાકા, વણકર ટેકરા, પાર્વતી એપાર્ટમેન્ટ- અલકા ડેરીની સામે, રાધાનગર એપાર્ટમેન્ટ- ચીમોડીયાનાકા, રામનગર એપાર્ટમેન્ટ- ચીમોડીયાનાકા, જલારામ એપાર્ટમેન્ટ- ચીમોડીયાનાકા અને શક્તિ કોમ્પ્લેક્સ-ગૌહરબાગ, કોલેજ રોડ.

### પાલિકામાં દીવા તળે અંધારું

વર્ષોથી ભયના ઓથાર હેઠળ જીવના જોખમે પાલિકાના બજારમાં આવેલી જૂની શાકભાજી માર્કેટ અને અમુક દુકાનો અત્યંત ખરાબ હાલતમાં જોવા મળે છે અને ગમે ત્યારે કોઈ મોટો અકસ્માત સર્જી શકે છે. જરૂરી એ છે કે પાલિકા એના તાબા હેઠળની આ જર્જરિત ઇમારત માટે પ્રાથમિકતાના ધોરણે યોગ્ય પગલાં ભરે.

# સાયબર ફ્રોડમાં બેંક ખાતા આપનાર બે ઝડપાયા

**માત્ર** 5 હજારમાં વિદેશમાં બેઠેલા માફિયાઓને ખાતું આપી દીધું

ઘેજ: ચીખલી પોલીસે સાયબર છેતરપિંડી આચરતા બે ઠગને દબોચી લઈ વધુ તપાસ હાથ ધરી હતી. ભારત સરકારના નેશનલ સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર દેશભરમાંથી સાયબર છેતરપિંડીની ફરિયાદો નોંધાતી હતી. તેમાંથી અનેક ગુનાના ફ્રોડના રૂપિયા HDFC બેંક ખાતામાં જમા થતાં ચીખલી પોલીસ સામે આઝાદનગર વિસ્તારના રહેતા અજમલ કાલુ શેખ અને સાહીલ ઈલયાસ શેખની સંડોવણી બહાર આવી હતી જેમાં આરોપી અજમલ કાલુ શેખે માત્ર રૂપિયા ૫,૦૦૦ની લાલચમાં આવીને પોતાના નામે HDFC બેંકમાં એક નવું ખાતું ખોલાવ્યું હતું અને ખાતું ખૂલ્યા બાદ અજમલે તે બેંક ખાતાની વેલકમ કીટ જેમાં પાસબુક, ચેકબુક અને એટીએમ કાર્ડ સહિતના તમામ ડોક્યુમેન્ટ સાહીલ ઈલયાસ શેખને વેચી દીધા હતા. જે સાહીલ વિદેશમાં બેઠેલા સાયબર માફિયાઓને ફ્રોડના પૈસા સુરક્ષિત રીતે ટ્રાન્સફર કરવા માટે આપતો હતો. સાયબર ક્રાઇમ ગઠિયાઓએ ડિજિટલ ઠગાઈઓ આચરીને રૂપિયા ૯૯,૫૩૦ની રકમ આ ખાતામાં જમા કરાવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### સાપુતારામાં બીજી પણ દીપડી પાંજરે પુરાતાં હાશકારો


ગિરીશ ભોયે

સાપુતારા: સાપુતારા અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાનો આતંક જોવા મળી રહ્યો હતો. આ અંતર્ગત દક્ષિણ ડાંગ વન વિભાગનાં શામગહાન રેંજની ટીમે ગોઠવેલા પાંજરામાં સાપુતારા ખાતે વધુ એક દીપડી પુરાઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે પણ વન વિભાગ દ્વારા આ જ વિસ્તારમાંથી એક દીપડો અને એક દીપડીને પાંજરે પુરવામાં આવ્યા હતા. ત્યાર સુધીમાં કુલ ત્રણ હિંસક વન્યજીવો ઝડપાઈ જતાં દક્ષિણ ડાંગ વન વિભાગે રાહતનો શ્વાસ લીધો છે.

### કરમબેલેના વેપારીના બેંક ખાતામાંથી બારોબાર 95 હજાર ટ્રાન્સફર

ઉમરગામ: ઉમરગામ તાલુકાના કરમબેલે ગામે બંગલી ફળિયામાં જલારામ મંદિર પાસે રહેતા અશ્વિનભાઈ ધીરુભાઈ પટેલ જય જલારામ સ્ટોર નામે કપડાંની દુકાન ચલાવે છે. તેમના એચડીએફસી બેંક ખાતામાંથી તા. 09/05/ 2026 ના રોજ રૂપિયા 95 હજાર કપાય ગયા હતા. તપાસ કરતાં કોઈ અજાણ્યાએ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરી રૂપિયા 95000 ટ્રાન્સફર કરી છેતરપિંડી કરી હોય આ બનાવ અંગે ભિલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### નાનાપોંઢાના કોચરવા ખાતે ગાંજાના જથ્થા સાથે ત્રણ ઝડપાયા



વલસાડ: વલસાડ એસ.ઓ.જી.ની ટીમે નાનાપોંઢા તાલુકાના કોચરવા ગામે અશોકભાઈની ચાલીની પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં દરોડો પાડી કલીમ ઉર્ફે હકલા અલીમુદ્દીન સૈયદ (ઉ.વ.32), વિશાલ જીપુ ગંજુ (ઉ.વ.25) અને આકાશ મુન્ના ગુપ્તા (ઉ.વ.24)ને ગેરકાયદે રીતે ગાંજાનું વેચાણ અને સંગ્રહ કરતા ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી 0.416 કિલોગ્રામ ગાંજો કિંમત રૂ. 20,800, ત્રણ મોબાઇલ ફોન કિંમત રૂ. 32,000, રોકડા રૂ. 5,290, પ્લાસ્ટિકની ખુરશી તથા અન્ય સામગ્રી મળી કુલ રૂ. 58,590નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધના કેસમાં આરોપીને અંતિમ શ્વાસ સુધીની સજા

**વાપીની** ધૃણાસ્પદ ઘટનામાં 10 વર્ષના બાળકને બે લાખનું વળતર ચૂકવવા હુકમ



વલસાડ: વાપીમાં આવેલા ડુંગરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક ઘટનામાં કોર્ટે ઐતિહાસિક અને દાખલારૂપ ચુકાદો આપ્યો છે. ૧૦ વર્ષના નિર્દોષ સગીર બાળક સાથે સૃષ્ટિક્રમ વિરુદ્ધનું ઘૃણાસ્પદ કૃત્ય કરનાર આરોપીને સ્પેશ્યલ સેશન્સ કોર્ટે અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા ફટકારી છે.

ડુંગરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા એક પરિવારના ૧૦ વર્ષીય બાળકને બાલાજી ઉર્ફે મોમિયા સંજયભાઈ પટેલે પોતાની હવસનો શિકાર બનાવ્યો હતો. આરોપીએ બાળક સાથે સૃષ્ટિક્રમ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હતું. પોલીસે પોક્સો (POCSO) એક્ટ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી કરી દોઢ મહિનાની અંદર, ૧૩ મે ૨૦૨૪ના રોજ નામદાર સ્પેશ્યલ સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી દીધી હતી. સ્પેશ્યલ સેશન્સ કોર્ટમાં મુખ્ય જિલ્લા સરકારી વકીલ અનીલ ત્રિપાઠીએ સરકાર પક્ષે ધારદાર દલીલો કરી હતી. બંને પક્ષોની દલીલો અને પુરાવાઓ વંચાણે લીધા બાદ નામદાર કોર્ટે તારીખ ૩૦ મે, ૨૦૨૬ના રોજ ઐતિહાસિક ચુકાદો આપતા આરોપીને અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા તેમજ ૧૦ વર્ષની કેદ અને રૂ.૫,૦૦૦નો દંડની સજા ફટકારતો ચૂકાદો આપ્યો હતો. આ સાથે કોર્ટે ભોગ બનનાર સગીર બાળકને રૂ.૨,૦૦,૦૦૦નું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

# IPL ક્રિકેટ મેચો ઉપર ઓનલાઈન સટ્ટો ઝડપાયો

**13,500ની** મતા સાથે એકની ધરપકડ, દસ વોન્ટેડ

ઉમરગામ: વલસાડ એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, ભીલાડ ટાવર ફળિયા પ્રેસ્ટીઝ ટાવરની સામે રોડ ઉપર આરોપી કૃણાલ અરવિંદભાઈ કહાર (ઉ.વ.30, રહે., સરીગામ, કહારવાડ, સાદ કોમ્પ્લેક્સ) હાલમાં ચાલતી IPL ક્રિકેટ મેચોની રમતો ઉપર ઓનલાઈન સટ્ટાબેટિંગનો પૈસાનો હારજીતનો જુગાર રમી રહ્યો છે જે બાતમીના આધારે દરોડા પાડી પોલીસે કૃણાલને ઝડપી પાડી રોકડા રૂપિયા 8,500 તથા મોબાઈલ ફોન કિંમત રૂપિયા 5000 આઈડીના સ્ક્રીનશોટ કાગળ મળી કુલ રૂપિયા 13,500 ના મુદ્દામાલ કબજે કર્યો હતો. અન્ય વોન્ટેડ આરોપી માસ્ટર આઈડી આપનાર આરોપી દ્રષ્ટિ અરૂણભાઈ રાંદેડિયા (રહે., નાનપુરા, સુરત), આઈડીઓ લેનાર પીન્ટુ ભાઈ (રહે., બાલાજી ફળિયા, સરીગામ), વિશાલ મોરયા (રહે., સરીગામ), મીત (રહે., ભીલાડ), સાકીબ (રહે. સરીગામ, મેઈન બજાર), સીરાજ (રહે., સરીગામ ત્રણ રસ્તા), ગૌરવ સોની (રહે., સરીગામ), અને આઈપીએલ ક્રિકેટ મેચ ઉપર હારજીતના સોદાઓ લખનાર સુર્યાભાઈ (રહે., સરીગામ), તરુણ (રહે., ભીલાડ) અને સોનુ માલી (રહે., ભીલાડ)ને વોન્ટેડ જાહેર કર્યા હતા.

### વાપી મનપાના મિલ્કત વેરામાં 6 ટકા સુધી રીબેટ મળશે

વાપી: વાપી મનપા વિસ્તારના મિલકતધારકો આ વર્ષે મિલકત ધારકો ૨૦૨૬-૨૭ ના પ્રોપર્ટી ટેક્સમાં ૬% સુધી રીબેટનો લાભ મેળવી શકાશે. પ્રોપર્ટી ટેક્સમાં બાકી તમામ રકમ સાથેનો વેરો ભરવાથી શિક્ષણ ઉપકર સિવાયની રકમ ઉપર ૫% રીબેટ આપવામાં આવશે. વેબસાઈટ vapicity.in થી વેરો ભરનારને વધારાનું ૧% વળતર મળશે. અને જૂનથી માર્ચ-૨૦૨૭ સુધી ઓનલાઈન વેરો ભરનારને ૧% વળતર મળતું રહેશે. ઓક્ટોબર માસથી દર મહીને ૧% મુજબ વ્યાજ લાગવાનું શરૂ થશે. જે માર્ચ -૨૭ માં ૬% થશે અને એપ્રિલ-૨૭ થી બાકી તમામ રકમ પર ૧૨% વ્યાજ લાગશે.

### વાપીના એમડી ડ્રગ્સ મામલામાં વધુ એકની ધરપકડ

વાપી: વાપીમાં કુંતામાં મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સહિત કુલ રૂ. 71.31 લાખના મુદ્દામાલ સાથે પકડાયેલા ત્રણ આરોપીઓ હાલ રિમાન્ડ હેઠળ છે. શનિવારે પોલીસે વધુ એક આરોપી સંતોષ નાવિકને ઝડપી પાડી 3 જૂન સુધીના રિમાન્ડ મેળવ્યા છે. આરોપી રાજેશ મુરારી સીરપતને મેફેડ્રોન બનાવવા માટે જરૂરી રો-મટીરીયલ પૂરો પાડવામાં સંતોષ ગોરખનાથ નાવિક નામનો ભંગાર લે-વેચનો ધંધો કરતો શખ્સ સંડોવાયેલો હતો. એટીએસે કોર્ટમાં રજૂ કરી 3 જૂન સુધીનાં રિમાન્ડ મેળવ્યા હતા.

# પીઠા ગામે તળાવમાંથી માટી ખનન, વાહનો સીઝ



વલસાડ: વલસાડ ખાણ ખનીજ વિભાગે તાલુકાના પીઠા ગામના તળાવમાંથી સાદી માટીનું ગેરકાયદે ખનન, વહનનું રેકેટ ઝડપી રૂ.70 લાખની કિંમતના વાહનો સીઝ કરી કાર્યવાહી હાથ ધરી છે.

ખાણ ખનીજ વિભાગની તપાસ ટીમ દ્વારા લોકેશન આધારે પીઠા, તા.જી. વલસાડમાં ઓચિંતી તપાસ કરતાં તળાવમાં સાદી માટી ખનિજનું ગેરકાયદે ખનન-વહન કરતાં હોવાનું જણાતાં સ્થળ ઉપર ગેરકાયદે સાદી માટી ખનન વહન માટે ઉપયોગ કરવામાં આવેલ 1 જેસીબી મશીન, 2 ડમ્પર અને 2 ટ્રેક્ટર મળી કુલ અંદાજે રૂપિયા 70 લાખનો મુદ્દામાલ સીઝ કર્યો હતો. ઉપરાંત આ કેસ અન્વયે માપણીની કાર્યવાહી કરવામાં આવેલ જેના આધારે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# બાઈક પર તીથલ ફરવા નીકળેલા બે યુવકને ટ્રકે કચડી નાંખ્યા

**વલસાડના** જુજવા ગામ પાસે બાઈકસવાર ત્રણ મિત્રને કારે ટક્કર મારી ને પાછળ આવી રહેલી ટ્રક ફરી ગઈ

વલસાડ: વલસાડના જુજવા ગામ પાસે ગમખ્વાર અકસ્માતમાં બે યુવકનાં મોત થયા હતા.

વલસાડના જુજવા ગામ પાસે શનિવારે બપોરે માર્ગ અકસ્માતમાં બે યુવકનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે એક ગંભીર રીતે ઘવાયો છે. નવસારીના ખેરગામ તાલુકાના ભૈરવી અને નાંધઈ ગામના ત્રણ મિત્રો નિર્મલ પટેલ (ઉં.વ.૨૬), બ્રિજેશ પટેલ અને નેહલ પટેલ એક જ બાઈક નં.(GJ 21 AG 5319) પર વલસાડના તીથલ દરિયા કિનારે ફરવા જઈ રહ્યા હતા. જુજવા માતા ફળિયાથી કાંજણરણછોડ તરફ જતાં રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે બાઈક આગળ જતી કાર નં.(GJ 15 AD 2364) સાથે અથડાતાં ત્રણેય મિત્રો રસ્તા પર પટકાયા હતા. તે જ સમયે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી ટાટા ટ્રક નં.(GJ 19 V 0598)ના ચાલક નટુભાઈએ રસ્તા પર પડેલા નિર્મલ અને બ્રિજેશ પર ટ્રકનું વ્હીલ ફેરવી દીધું હતું, જેથી બંનેનાં સ્થળ પર જ મોત થયાં હતાં. આ બનાવમાં ઈજાગ્રસ્ત નેહલને સિવિલ હોસ્પિટલ ખસેડાયો છે. અકસ્માત સર્જી ફરાર થયેલા ટ્રકચાલક વિરુદ્ધ વલસાડ રૂરલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**મહાદેવ ટુર એન્ડ** ટ્રાવેલ્સ. (ગળતેશ્વર, ડાકોર) (દ્વારકા, સોમનાથ) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) (આબુ, અંબાજી) (શિરડી, સાપુતારા) 8238872861, 7802062340 (119)

**(સાગર- 9427113317)** અધિકમાં ડાકોર, ગળતેશ્વર, શનિવાર 750/- રવિવાર/. (18- જૂનમાં ગોવા ત્રણ નાઈટ)

**ઓમશિવ ટ્રાવેલ્સ** 8- જૂન, હરિદ્વાર, મથુરા, વૃંદાવન, બરસાણા, જયપુર, પૂષ્કર. 3, 10- જૂન, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, 4, 11- જુન, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. ખરવરશેરી, ભાગળ, સુરત. 9327199997, 9537838949

**Date- 4/06** ચોક્કસ ઉપડશે, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. જમવા સાથે, સ્લીપર- 8238796119

વ્યવસાયીક ધંધાકીય

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**વુલન સ્વેટર,** રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**કબૂતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**PRESIDENT PEST CONTROL** 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**રોહાઉસ વેચવાનું છે** સોલાર તેમજ ફિક્સ ફર્નિચર સાથે. G 1.5 ફ્લોર 78, પુષ્પક સોસાયટી, ટેકરાવાળા સ્કૂલ પાસે પાલનપુર પાટીયા રાંદેર રોડ 9825511699

**નવકાર વૉટર પ્રુફિંગ** 25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા, ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (128)

**CM PEST CONTROL** લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**હાર્ડવેર, ટૂલ્સ,** નટ- બોલ્ટ, પ્લાસ્ટિક તાડપત્રી, G, I, M, S પાઈપ ફિટિંગ, ગ્રીન નેટ, કાથાદોરી, ફાઉન્ડેશન બોલ્ટ, ફિક્સ અને રિંગ પાના, લોખંડ ના હેવી રેક અને ઘોડા તેમજ બિલ્ડિંગ મટીરિયલ સંબંધિત તમામ સામાન મેક્સિમમ ડિસ્કાઉન્ટ માં આપવાનો છે 7990712433

**દુકાન વેચવાની છે** G/4 ગ્રાઉન્ડ ફ્લોર 378 સ્કે. ફિટ સંગીત સરિતા કોમ્પ્લેક્ષ સ્નેહ સંકુલ વાડી પાસે, આનંદ મહેલ રોડ, અડાજણ 9825511699

**હાર્ડવેર અને પ્લાસ્ટીક** તાડપત્રી અને પ્લાસ્ટિક બેનર માટે હોલસેલ સ્ટોરમાં માર્કેટીંગ અને પેમ્પલેટ વિતરણ માટે માણસો જોઈએ છે. 9898063315

**પતરાના શેડ** તથા ડોમ ફેબ્રીકેશન કામ અને લિફ્ટ બનાવવા માટે. 9979989971

મિલ્કત ભાડે-વેચાણ

**નાની ઓફિસ** ભાડેથી/ વેચાણથી આપવાની ઓનલાઈન/ કોસ્મેટિક સપ્લાય/ મોડલિંગ અન્ય ટ્રેડ હાઉસ રિંગરોડ. 9228207838

મિલ્કત વેચવાની છે

**U G. 26, દુકાન** વેચાણથી આકાશ બિઝનેશ સેન્ટર પીપલોદ, Mo. 9033160362.

**Fast Deal** પાલ, પાલનપુર વિસ્તારમાં કેશ પેમેન્ટમાં પ્રોપર્ટી લે-વેચ માટે મળો 73830 18982 98793 16241

**પીપલોદમાં બંગલો** તેમજ અડાજણમાં ફ્લેટ/ તેમજ રો હાઉસ વેચાણ / ભાડે આપવાનું 9909775590 (126)

**૨ માળ કોર્નર નું** માર્જિન ની જગ્યા સાથે મકાન વેચવાનું છે ૧૩ X ૪૫ 1, હરેશ્વર સોસાયટી, કદમ્બ ભવન હોલની સામે, ટીમલીયાવાડ, નાનપુરા મો: 9825472525/ 7878693939

**સૂરતમાં યુનિવર્સિટિ** પાસે મેઈનરોડ આગમ એમ્પોરિયમના પહેલા માળે દુકાન વ્યાજબી ભાવથી વેચવાની છે 9104614923 (131)

મિલ્કત ભાડેથી

**ઓપન પ્લોટ ભાડેથી** આશરે 800/ 900 ફૂટ, સલાબતપુરા શહીદ ચોકની સામે, જલારામ સ્કૂટરની બાજુમાં મળો. 9227905125

**1BHK & 2BHK ફ્લેટ વેચાણથી આપવાના છે** ઉધના મેઈન રોડ ઉપર 99247 27555

**ફ્લેટના ભાવમાં પ્લોટ** બંગલા લાયક સરળ હપ્તેથી માલિક બનો ન્યુ અલથાણમાં 8160763127 (125)

નોકરી વિષયક

**અમારે સાફ સફાઈ** થતા બાથરૂમ ધોવા માટે મહિલા કે પુરુષની જરૂર છે સમય સવારે 8 વાગેથી સાંજે 5 વાગે સુધી પગાર વ્યવસ્થિત આપીશું. મો. નં. 9429618212

**ડેન્ટલ માટે** અનુભવી સ્ટાફ જોઈએ છે. ઉગત, કેનાલરોડ. સંપર્ક કરો... 9664517181

**વેસુમાં CAની ઓફિસ** માટે Tally Income Tax (Genius), GST માટે Experienced Staff Whatsapp 9825481248

**શૈક્ષણિક સંસ્થા માટે** અંદાજિત 3,000 વાર જમીન અથવા તૈયાર સ્કૂલ વેસુની આસપાસ 5 કિલોમીટરના વિસ્તારમાં વેચાણથી અથવા લોંગ લીઝ પર જોઇએ છે Mo-7069408897, 9909917199

**શિક્ષકો જોઈએ છે** વ્યવસાયલક્ષી શિક્ષકો : ઈન્ટિરિયર ડિઝાઈન, ઈલેક્ટ્રિકલ, ઓટોમોબાઈલ, પ્લમ્બિંગ, સુથારીકામ. પૂર્વ પ્રાથમિક વિભાગ: પ્રિ.પી.ટી.સી. પ્રાથમિક વિભાગ: ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી. તા. ૦૨/૦૬/૨૬ સવારે ૧૦ કલાકે. આઈ.જી.દેસાઈ વિદ્યાસંકુલ, સી.એન. જી. પંપની સામે, ભટાર ચાર રસ્તા, સુરત (મો) ૯૮૭૯૨૦૯૮૭૪.(127)

**સુરત સીટી માટે** સેલ્સમેન જોઈએ છે સુરત સીટીમાં શૈક્ષણિક સાધનોના માર્કેટિંગ માટે સેલ્સમેન જોઈએ છે- કેમ ટ્રેડર્સ, પહેલો માળ, વિનરાજ પ્લાઝા, ગવર્મેન્ટ પ્રેસ સામે, કોઠી રોડ, વડોદરા. મોબાઈલ- 9825033122

**નાનપુરા વિસ્તારમાં પહેલા અને બીજા માળે ૧૦૦૦ સ્કવેરફુટ જગ્યા ભાડે આપવાની છે.** પાર્કિંગ લીફ્ટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય મોબાઇલ નં. 9898041152

**ઓપન ઈન્ટરવ્યુ** સુરચના એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એચ.આઈ.વી/ એઈડ્સ પ્રોજેક્ટ અંતર્ગત આઉટરીચ વર્કર જગ્યા- 1 (લાયકાત - 12 પાસ) (સમુદાયના લોકોને પ્રાધાન્ય આપવામાં આવશે.) માસિક પગાર 10,500/- T.A. 1500/- ) માટે કરાર આધારિત ભરતી કરવાની છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ ઈન્ટરવ્યું માટે તારીખ: 05/06/26 શુક્રવાર. સમય:- સવારે 10:30 કલાકથી બપોરે 12:30 કલાક દરમિયાન અસલ તેમજ પ્રામાણિત સર્ટીફીકેટ સાથે હાજર રહેવું. સ્થળ:- 301, ત્રીજોમાળ, જમાના ચેમ્બર્સ, લક્ષ્મી હોટલની બાજુમાં , હિરાબાગ, વરાછા, સુરત- 395006, અનુભવી ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે. સંપર્ક:- 7698067860/ 7984860034 (132)

**ભાડે આપવાની છે** નેશનલ હાઈવે નં.- 8, ફાઉન્ટેન હોટલની બાજુમાં 75,000 સ્કવેર ફીટ જગ્યા ભાડે આપવાની છે 10 વર્ષની કંડીશન પર, NA ક્લીયર સાથે. Mo:-9824084073

**ડ્રાઈવર જોઈએ છે** સુરત સીટી માટે થ્રી વ્હીલર અને ફોર વ્હીલર માટે અને ઉઘરાણી કરી શકે તેવા અનુભવી ડ્રાઈવરની જરૂરિયાત છે સંપર્ક:- 8815087042/ 9909950414

**ઓફિસ માટે** અનુભવી રસોઈયા (Chef)ની જરૂર છે. દરરોજ 35થી 40 લોકોનું લંચ બનાવી શકે તેવા ઉમેદવારને પ્રાથમિકતા આપવામાં આવશે. સ્થળ: સુરત 7861987283

**જોઈએ છે** હિન્દી માધ્યમ ધોરણ 1 થી 4માં બધા વિષયો ધોરણ 5 થી 8 ગણિત વિજ્ઞાન અંગ્રેજી સામાજિક વિજ્ઞાન ગુજરાતી હિન્દી સંસ્કૃત ભણાવી શકે તેવા ભાઈઓ/ બહેનોએ રૂબરૂ મળવું અનુરાગ હિન્દી વિદ્યાભવન ગાયત્રી સોસાયટી, પરવત પાટીયા, સુરત. મો- 7573998091

**જોઈએ છે** ફિમેલ સ્ટાફ બ્યુટીશિયન grace & glamour salon, પાલ અને જહાંગીરપુરા માટે, 9374749545

**સેલ્સ એક્ઝીક્યુટીવ** જોઈએ છે. સેકન્ડહેન્ડ કારના શોરૂમ માટે. પગાર: 20,000/- . 9824180372

**માણસ- છોકરો જોઈએ** અડાજણમાં સોડા શોપમાં સાવરે 10:00- 8:00 પગાર- 12000. 9377420421

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.